<u>રાજકોટના સાતમાં જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, રાજકોટ</u>

ફોજદારી કેસ નંબર – ૬૪૯૧/૨૦૧૫

આંક :–

ફરીયાદીઃ શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપીઃ નં. ૫. અજય રમેશભાઈ લાંબડીયા

<u>ગુનો :– જુ.ધારા એકટની કલમ–૧૨ મુજબ</u>

<u>–:: ચુ કા દો ::–</u>

(૧) સદર કામનું કેસ રેકર્ડ આજરોજ હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપી/આરોપીઓ સામે હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેલ છે. આરોપીને ભા.ફો.અ.ની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક – ...... મુજબ આરોપી/ઓ ની પ્લી લેતા, આરોપી/ઓએ તેમનો ગુન્હો કબુલ કરી, આંક – ..... થી ગુન્હા અંગે લેખિતમાં કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણોજ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈછીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહું કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામા આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે. તેવી કોર્ટે ખાત્રી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય–/

વિરૂધ્ધ /– નટવર હરચંદથી ઠાકોર, જી.એલ.આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી/ઓ કુટુંબ કબીલાવાળા છે ને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે. તથા તેઓન આ પ્રથમ ગુન્હો છે. આરોપી/ઓની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતીને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી/ઓ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપી/ઓની આ કબુલાત સ્વીકારુ છું અને આરોપી/ઓને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીઓને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તથા ટી.આર.સી.ની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાઈ રહેશે તેમ માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>– :: હુકમ ::–</u>

૧. આ કામના આરોપીઓને જુ.ધારા. એકટની કલમ ૧૨ મુજબ સી.આર.પી.સી. કલમ– ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવુ છું. અને સદર ગુના સબબ આરોપીઓ **નં. ૫ અજય રમેશભાઈ લાં બડીયા**ને દરેકના રૂા..૨૦૦ /–લેખે કૂલ દંડ રૂા. ૧૬૦૦ /– ( અંકે રૂપીયા બસ્સો પુરાનો દંડ ફરમાવવાનો હુકમ કરુ છું. તથા ટી.આર.સી.ની સજા કરુ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન : ૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. અપીલ સમય વિત્યે મુદામાલની રોકડ રકમ સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ તે સિવાયના મુદામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓના જામીનખત તથા જાત મુચકરા રદ્દ ગણવા.

હુકમ આજરોજ તા. ૧૧ મી માહે ફેબ્રુઆરી. સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ. **(આર.કે.જાની)**

તારીખ ૧૧/૦૨/૨૩

૭માં **જે.એમ.એફ.સી.,**
**રાજકોટ**
**કોડ નં. જી.જે.૦૧૬૫૮**